ગાંધીનગર કલ્ચરલ ફોરમ

‘નવલી નવરાત્રી-૨૦૧૨’ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન

આબાલવૃદ્ધ સૌ ગરબા રસિકો મન મુકીને ગરબા રમ્યા : ગાંધીનગરની સાંસ્કૃતિક સંસ્થાઓને સન્માન આપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર કલ્ચરલ ફોરમ નવરાત્રી મહોત્સવ-૨૦૧૨ ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન થયો છે. ગઈકાલે આઠમા નોરતે ગરબા ગ્રાઉન્ડમાં આબાલવૃદ્ધ સૌ ગરબારસિકો ભેગા મળીને ગરબે ઘૂમ્યા હતા અને ભક્તિ તથા આનંદની લાગણીઓને સૌએ ઠાંસી-ઠાંસીને પોતાનાં મનમાં ભરી દીધી હતી.

અંતિમ નોરતું હોવાથી સંખ્યામાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં ઉપસ્થિત રહ્યા હતા. સૌ કોઈ જાણે આ નવરાત્રીની પળેપળ માણી લેવા માંગતા હોય એમ થનગનતા ગરબા ગ્રાઉન્ડ રંગબેરંગી વસ્ત્રો અને સુંદર ચહેરાઓથી ખીલી ઊઠ્યું હતું.

રાબેતા મુજબ માતાજીની આરતી પછી આબાલવૃદ્ધ સૌ ગરબા રસિકો મન મુકીને ગરબે ઘૂમ્યા હતા. એ પછી આઠમા નોરતાના સ્પોન્સરર્સ, સત્તાવાહકો, વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારબાદ ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ આ આંગણે પધારનારા ગરબા રસિકો, ખેલૈયાઓ, એજન્સીઓ એમ સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

એ પછી આઠેય નોરતા દરમ્યાન વિજેતા થયેલા ખેલૈયાઓ વચ્ચે ફાઈનલ મુકાબલો યોજાયો હતો. ચાઈલ્ડ અને કીડ કેટેગરીના સ્પર્ધકો માટે અડધો કલાક અને બાકીની કેટેગરીના ખેલૈયાઓ માટે એક કલાક ગરબા યોજવામાં આવ્યા હતા. ફાઈનલ સ્પર્ધાનાં પરિણામો જાહેર કરતા પહેલાં સંસ્થા દ્વારા એક ઘણું જ સરાહનીય કાર્ય કરવામાં આવ્યું હતું. નગરની સાંસ્કૃતિક સંસ્થાઓને પ્રોત્સાહન આપવા માટે જાહેરમાં તેમનાં નામોનો ઉલ્લેખ કરીને તેમના અગ્રણીઓને સંસ્થા તરફથી ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ગ્રાઉન્ડમાં ઉપસ્થિત સૌ ગરબા રસિકોએ આ સ્તુત્ય કાર્યને તાળીઓથી વધાવી લીધું હતું.

એ પછી ફાઈનલ સ્પર્ધાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ઉત્તેજનાત્મક વાતાવરણમાં ઈનામ વિતરણ સમારોહ પૂર્ણ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ લાગણીભીના હૈયે આગામી નવરાત્રીએ પુનઃ મળવાના કોલ સાથે સૌ વિખૂટા પડ્યા હતા.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ચાર વર્ષથી કાર્યરત હેરીટેજ એન્ડ એન્વાયરમેન્ટ લવર પીપલ-હેલ્પ સંસ્થા દ્વારા તાજેતરમાં નવરાત્રી પર્વ નિમિત્તે શારીરિક અને માનસિક રીતે વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું હતું. હેલ્પ સંસ્થા યુવા અનસ્ટોપેબલ સંસ્થા અને માનવસ્મૃતિ સંસ્થાના સંયુકત ઉપક્રમે માનસિક તથા શારીરિક અશકત બાળકોની વિશિષ્ટ નવરાત્રીનું એક દિવસીય આયોજન માનવ સ્મૃતિ સંસ્થા, સરગાસણ ખાતે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં અંધજન મંડળના ૬૦, સમર્પણ સંસ્થાના ૫૦, સ્પર્શ સંસ્થાના ૭૦, શ્વાસ સંસ્થાના ૭૦, વિસામો સંસ્થાના ૯૦, માનવ સ્મૃતિ સંસ્થાના ૫૦, શાહપુર ટયુટોરિયલ સ્કૂલના ૧૦૦ જેટલા બાળકો તેમજ ૧૦૦ જેટલા સ્વયંસેવકોએ ખાસ હાજરી આપી આરતી, વંદના પૂજનસાથે નવરાત્રી પર્વ મનાવ્યું હતું. ગરબાની સમઝટ માણી હતી બાળકો દ્વારા આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવ્યા હતા. આયોજકો દ્વારા દરેક સંસ્થાના વિશિષ્ટ બાળકોન ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. બાળકોને ભોજન અને આઈસ્ક્રીમ પણ ખવડાવવામાં આવી હતી. દિવસ દરમિયાન બાળકોએ ખૂબ જ આનંદ સાથે નવરાત્રી પર્વ ઉજવ્યું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

આઠમા નોરતાનું પરિણામ

કેટેગરી	વિનર	રનર-અપ
ચાઈલ્ડ બૉય	રૂદ્ર દવે	મેધાંશ મીના
ચાઈલ્ડ ગર્લ	જ્હાન્વી ઠક્કર	માહી જાડેજા
કીડ બૉય	જૈનમ શુક્લ	રિષિલ પારઘી
કીડ ગર્લ	વિશ્વા પટેલ	મૈત્રી મર્ચન્ટ
ટીનેજર બૉય	નિકેત સોલંકી	વિશ્વ પટેલ
ટીનેજર ગર્લ	વિશ્વા ચુડાસમા	નૃતી પટેલ
ડ્રેસ પ્રિન્સ	કુણાલ શાહ	રાહુલ ભારદ્વાજ
ડ્રેસ પ્રિન્સેસ	કરિશ્મા શાહ	અપૂર્વા રાવલ
પેર	મહર્ષિ ઠાકર	દિશા ઠક્કર
	ક્ષમા ઠાકર	ગ્રીષ્મા ઠક્કર
પરફોર્મન્સ પ્રિન્સ	મિહિર જોષી	વિશ્વાસ જોષી
પરફોર્મન્સ પ્રિન્સેસ	કૃતિ ઠાકર	માર્ગી એન્જિનીયર

નિર્ણાયક : મીતાલીબેન ઠાકર, પૂર્વીબેન ત્રિવેદી, ચારૂબેન શુક્લ

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ફાઈનલ સ્પર્ધાનું પરિણામ

કેટેગરી	વિનર	રનર-અપ
ચાઈલ્ડ બૉય	શિવ પટેલ	મીત ઠક્કર
ચાઈલ્ડ ગર્લ	કાવ્યા ભટ્ટ	રેવા ઠક્કર
કીડ બૉય	નીલ શાહ	ધ્રુવ શાહ
કીડ ગર્લ	વિશ્વા પટેલ	મૌરવી વોરા
ટીનેજર બૉય	પૃથ્વી વોરા	વિદિત સંઘવી
ટીનેજર ગર્લ	ઝીલ જોષી	નેસર્ગી જોષી
ડ્રેસ પ્રિન્સ	અક્ષ રાઠોડ	નીરવ ગઢવી
ડ્રેસ પ્રિન્સેસ	વૈશાલી આહિર	નિધિ રાઠોડ
પેર	કુલદીપ શુક્લ	મેહુલ ભોજક
	ખુશ્બુ દેસાઈ	પિન્કી મુન્દ્રા
પરફોર્મન્સ પ્રિન્સ	નિર્મલ શ્રીમાળી	અનિરુદ્ધ ડોડિયા
પરફોર્મન્સ પ્રિન્સેસ	આર્યા શાહ	કથા સુથાર

નિર્ણાયક : સ્મિતાબેન શાસ્ત્રી, પુનિતાબેન કોન્ટ્રાક્ટર, દર્શિનીબેન ઉપાધ્યાય

૧૦મા વર્ષમાં પ્રવેશતા યુનિક ગ્લોબલ ગુરુકુળે વૃદ્ધાશ્રમના ૧૧ વયસ્કો સાથે આરતી ઉતારી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરની યુનિક ગ્લોબલ ગુરુકુળ સંસ્થાના ત્રણ યુવાનોએ તાજેતરમાં ક્રિષ્ના વૃદ્ધાશ્રમના ૧૧ વયસ્કો સાથે સેકટર-૧૭ના મુખ્ય શોપીંગ સેન્ટર ખાતે નવરાત્રી ચોકમાં માં આદ્યશકિતની આરાધના કરી આરતી ઉતારી હતી.

યુનિક ગ્લોબલ ગુરુકુળના ત્રણ નવયુવાન મેનેજીંગ ડીરેકટર્સ જયદીપ, ચિરાગ અને કેયૂરે તાજેતરમાં વડીલોના આશીર્વાદ મેળવવા અને આદ્યશકિતની વંદના કરી ઉજવળ કામગીરી કરવા માટે વિશિષ્ટ રીતે નવરાત્રી પર્વની ઉજવણી કરી હતી. ખાસ તો યુનિક ગ્લોબલ ગુરુકુળ સંસ્થાને ૯ વર્ષ તા. ૨ ઉમી ઓકટોબરે પૂર્ણ થયા અને ૧૦મા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા સંસ્થાના યુવાન મનેજીંગ ડીરેકટર્સે ગાંધીનગરના સેકટર-૬માં આવેલા ક્રિષ્ના વૃદ્ધાશ્રમના ૧૧ વૃદ્ધોને નવરાત્રી ચોક પાસે આમંત્રિત કરી તેમની સાથે જગદંબાની આરાધના કરી હતી. સેકટર-૧૭ના મુખ્ય શોપીંગ સેન્ટર, નવરાત્રી ચોકમાં આ વડીલ બંધુઓએ આરતી ઉતારી હતી અને સંસ્થાના ૧૦મા વર્ષમાં થયેલા મંગલ પ્રવેશને આશીર્વાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

તસવીર : દિપક જાની

યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

નારીઓનો આદર્શ : સ્ત્રીત્વ - ૨

અત્યારના કાળમાં ઈશ્વરની ‘મા’ તરીકે - અનંત શક્તિ તરીકે ઉપાસના કરવી જોઈએ. આથી પવિત્રતા આવશે, અને અહીં જબરદસ્ત શક્તિ આવશે. અહીં કોઈ પુરોહિતનો વર્ગ આપણને દાબી દેવા માટે નથી. તેમજ ગરીબ દેશની પેઢે કોઈ દુઃખી પણ નથી. અનેક યુગોથી સ્ત્રી જાતિ સદા સહન કરતી આવી છે. તેથી તેનામાં અખૂટ ધરીજ ને ખંત આવ્યા છે. એક ભાવનાને તે વળગી રહી શકે છે. આને લીધે જ તે દરેક દેશમાં વહેમ ભરેલાં ધર્મોનો તે પુરોહિતોનો આધાર બની છે, ને તેથી જતે મુક્ત બનશે. આપણે વેદાંતી બનવાનું છે ને આ ભવ્ય વિચારને જીવનમાં ઉતારવાનાં છે. જનતાને તે મળવા જોઈએ અને માત્ર સ્વતંત્ર અમેરિકામાં જ આ થઈ શકે તેમ છે. ભારતમાં બુધ્ધ, શંકર અને બીજી એવી વ્યક્તિઓએ આ વિચારોને રજૂ કર્યા પણ જનતા વેદાંતમય જીવન જીવે તે, જોવું જોઈએ , અને તે સ્ત્રીઓ દ્વારા થવું જોઈએ.

“જતનપૂર્વક તમારા અંતઃકરણનાં ઊંડામાં ઊંડા ભાગમાં પ્રિય અને સુંદર ‘માતા’ ને રાખો.”

“જીભ સિવાય બધું ફેંકી દો; માત્ર જીભને ‘મા’ - ‘મા’ પોકારવા રાખી મૂકો!”

“કોઈ દુષ્ટ સલાહકારોને અંદર પેસવા ન દો. મારા હૃદય! અને હું માત્ર ‘મા’ ને જોઈએ.”

“મારા જીવનના ચંદ્ર! મારા આત્માના આત્મા!”

તમે હજુ મા શારદાદેવીના જીવનનું અદ્‌ભૂત રહસ્ય સમજી શક્યા નથી. ધીરે ધીરે તે તમે સમજશો. શક્તિ વિના જગતનો પુનરુંધ્ધાર નથી. આપણો દેશ બધા દેશોથી વધારે નબળો અને પછાત શા માટે છે? કારણ કે અહીં શક્તિનું અપમાન થાય છે. ભારતમાં તે અદ્‌ભૂત શક્તિને પુનર્જીવિત કરવા માતાજીનું અવતરણ થયું છે. તેમને કેન્દ્ર બનાવવાથી જગતમાં ગાર્ગી અને મૈત્રેયી, જેવી મહાન નારીઓ જન્મશે. વ્હાલાં બંધુઓ, અત્યારે તમે થોડું સમજો છો. પણ ધીમે ધીમે તમે બધું જાણી શકશો. માટે તેમનો મઠ મારે પહેલાં જોઈએ છે. શક્તિની કૃપા વિના કંઈ થતું નથી. અમેરિકામાં ને યુરોપમાં હું જોઉં છું? શક્તિની પૂજા, શક્તિની પૂર્જા. તેઓ જો કે તેને અજ્ઞાનથી ન ભૌતિક સુખ માટે જ પૂજે છે. પછી જે, લોકો તેને માતા તરીકે, શુધ્ધ ભાવે સાત્વિક બુધ્ધિથી પૂજે, તો તેઓ કેટલું કલ્યાણ સાધી શકે તેવી કલ્પના કરો! હું દિવસે દિવસે દરેક વસ્તુને વધારે ને વધારે સ્પષ્ટ સમજતો જાઉં છું. મારી અંતરદંષ્ટિ વધારે ને વધારે ઉઘડતી જાય છે. તેથી આપણે માતાજી માટે પ્રથમ મઠ બાંધવો જોઈએ. પ્રથમ માતા અને માતાની પુત્રીઓ, પછી પિતા અને પિતાના પુત્રો. તેમ આ સમજી શકો છો? મારે મન તો માતાજીની કૃપા પિતાની કૃતા કરતાં લાખો ગણી કિંમતી છે. માતાની કૃપા, માતાના આશીર્વાદ મારે મન સાર્વભૌમ છે.

(ક્રમશઃ)

કલ્ચરલ ફોરમનો નવરાત્રી મહોત્સવ એટલે સંબંધોના સરવાળાથી ઉજવાતું ભક્તિ પર્વ

સંબંધ સજાવે જિંદગી

ભક્તિપર્વનો સ્નેહ

- પોપટલાલ એસ પ્રજાપતિ

માનવના માનવી સાથેના સંબંધોની ચર્ચા વર્ષ ભર કરતા રહ્યા બાદ આજે માનવના આધ્યાત્મિક સંબંધોની વાત કરવી છે. આધ્યાત્મિક સંબંધોની ઉંચાઈ આકાશને આંબે એટલી હોય છે અને તેની ઉંડાઈ પાતાળને ભેદી શકવાની ક્ષમતા ધરાવે છે. પ્રત્યેક સંબંધોમાં એક ઉર્જા, ચેતના અને લાગણીનો સંચાર થાય છે. આધ્યાત્મિક સંબંધોમાં પ્રાપ્ત થયેલી ઉર્જા જયારે મોર બની થનગાટ કરે ત્યારે ઢોલીડાના હાથ ધ્રુજી જાય, સંગીતના સુર બેસુર થવા માંડે પણ ખેલૈયાના પગ થંભવાનું નામ લેતા નથી. અને સોળ શણગાર સજી યુવતિઓ ગરબામાં ઢોલના તાલે મન મુકીને માની આરાધના કરે છે ત્યારે સાક્ષાત જદંબા દિકરીઓના રૂપમાં ગરબે ઘુમી રહ્યા હોય તેવો સુંદર માહોલ નવરાત્રીના નવ દિવસ કલ્ચરલ ફોરમના ગરબા મહોત્સવમાં જોવા મળ્યો.

ફકત યુવતિઓ જ નહિ, યુવાનો પણ સંપુર્ણ જોમ અને જુસ્સા સાથે ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘુમે ત્યારે તેમની નજાકત અને અંગમરોડ પર યુવતિઓ પણ આફરીન પોકારી જાય. સતત નવ દિવસની આ દાકમઝોળ અને ગરબાની રમઝટ જોવા આખુ ગાંધીનગર ઘેલુ બને ઉપરાંત વિદેશીઓ પણ ગુજરાતની ગરવી ગરીમા જોઈ પ્રત્યક્ષ ગરબા જોવા લલચાય ત્યારે પ્રશ્ન થાય છે કે કલ્ચરલ ફોરમ કેવી રીતે કરી શકે છે આ ચમત્કાર ?

આનો જવાબ એટલો જ છે કે આ તો સંબંધોના સરવાળાથી ઉજવાતુ ભક્તિ પર્વ છે. અહિં છે સ્નેહના સંબંધો, મિત્રતાના સંબંધો લાગણીના સંબંધો, સંસ્કૃતિના સંબંધો અને વિશેષ તો ધાર્મિક અને આધ્યાત્મિક સંબંધોનો ગુણાકાર. નહિતર કલ્ચરલ ફોરમના અધ્યક્ષના એક જ આદેશથી નવ દિવસ ખડે પગે રહી ગરબાની ગરીમા જાળવવા સતત પરીશ્રમ કરતા યુવાનોને આમ કરવાની કોણ ફરજ પાડે છે ? ઘરેથી શોપીંગ અડધો કિલોમીટર જ દૂર હોય છતાં ત્યાં જતાં પગ દુખતા હોય અને ટુ વ્હીલર શોધતા હોય એ યુવાનો રાતભર ઉજાગરા કરીને ગરબા ગ્રાઉન્ડમાં વ્યવસ્થા જાળવવા નિષ્ઠાથી ફરજ બજાવતા હોય ત્યારે તેઓ કયા બદલાની ભાવનાથી કામ કરે છે ? એ.સી.માં રહેવા ટેવાયેલા યુવાનો પણ પરસેવે રેબઝેબ થઈ ઢોલીડાના એક પણ તાલને ચુકયા વગર દાંડીયા લઈને મસ્તીમાં ઝુમતા યુવાનો કયો સંબંધ જાળવવા આ મથામણ કરે છે ? ત્રણ ચાર કલાકના થનગનાટ છતાં પગ કેમ થાકતા નથી ? રાતોના ઉજાગરા છતાં શરીરે કળતર કેમ થતી નથી ? નવ દિવસની આરાધના પછીય મન કેમ ધરાતુ નથી ? મોટેરાઓ તો ઠીક નાની બાળાઓ પણ જાણે સુંદર મજાની ઢીંગલીમાં કોઈએ પ્રાણ પુર્યા હોય તેવી વહાલી વહાલી બની કેમ અવિરત નાચ્યા કરે છે ? કોઈપણ જાતની અઘટિત ઘટના સિવાય પ્રસંગ રંગેચંગે પુરો થાય છે તેમાં કઈ શક્તિ કામ કરે છે ?

કલ્ચરલ ફોરમના અધ્યક્ષના મિત્રવર્તુળ સાથેના લાગણીભીના સંબંધો કે મિત્રતાની દુહાઈ અને ધાર્મિકતાના સંબંધો અહિં રંગ લાવે છે તેમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આ તો સંબંધોનો સરવાળો છે ક્યાંક એનો ગુણાકાર પણ છે. આ સંબંધોની ગરીમા જ દર વર્ષે કંઈક નવિનતાનું નજરાણું લઈને કલ્ચરલ ફોરમ ગરબાનું ગૌરવ વધારે છે. મા સાથેનો આધ્યાત્મિક સંબંધ રંગ લાવે છે એવુ પણ કહી શકાય. અને જગદંબાની આરાધના કરતાં કરતાં કોઈ નવા જ સંબંધોની ક્ષિતિજો ખુલી જાય એવું પણ ન બને ? અહિં જે ગરબે રમે છે તેમની એક આગવી છટા હોય છે. આગવી મસ્તી હોય છે. આગવી રીધમ હોય છે, કોઈ પણ જાતની તાલિમ વગર ઢોલના તાલે જ અંગના મરોડ થઈ જાય અને પગ અને હાથ આપોઆપ લયમાં સેટ થઈ જાય. જાણે સૌ ભક્તિના નશામાં લીન બની મદહોશ બની ઝુમી રહ્યા હોય. મા જગદંબા સાથેના આ સંબંધને કયુ નામ આપીશું ? અહિં સંસ્કતિ ધબકે છે અને યુવાની રણકે છે. ભક્તિના મેદાનમાં જાણે ઉડતી રંગબેરંગી તિતલિઓ જોયા જ કરીએ. ધરતીમાં એ જાણે લાલ ચુંડદી ઓઢી હોય એવો નજારો દૂરથી દેખાય. રોશનીથી ઝળહળતુ આ મેદાન નવ દિવસ પછી જોજો કેવું લાગે છે ? માની ભક્તિ વગર આમેય સંસારમાં અંધકાર જ છે ને ? સાચે જ કલ્ચરલ ફોરમનો નવરાત્રી મહોત્સવ એટલે સંબંધોનો સરવાળો અને ભક્તિનો ગુણાકાર.